GUJARAT SURVEY REPORT - 2018

*(A Brief Analysis of Voters' Priorities and Performance of the Government on Governance Issues in Gujarat)*

REPORT BY ADR

**Association for Democratic Reforms**
T-95, C.L. House, 2nd Floor,
Gulmohar Commercial Complex Gautam Nagar,
New Delhi-110049
Phone: +91-011-41654200
Fax: +91-11-46094248

# સર્વેનો હેતુ અને પદ્ધતિ

એસોસિએશન ફોર ડેમોક્રેટિક રીફોર્મ્સ (ADR) અને RA આસ્ટરિક કોમ્પ્યુટિંગ એન્ડ ડેટા સોલ્યુશનસ પ્રાઈવેટ લિમિટેડ (RAAC) ના સંયુક્ત ઉપક્રમે દેશનો સૌથી મોટો મતદાર સર્વે હાથ ધરવામાં આવ્યો, જેમાં 534 મતક્ષેત્રના કુલ 2,73,487 જુદા જુદા મતક્ષેત્રના મતદારો સુધી પહોંચી તેમના મંતવ્યો જાણ્યા.

આ સર્વે ના ત્રણ મુખ્ય હેતુઓ હતા :-

(1) કોઈ ચોક્કસ વહીવટના મુદ્દાઓ પ્રત્યે મતદારોની પ્રાથમિકતા જાણવી.

(2) તે મુદ્દાઓના સંદર્ભમાં સરકારના કામ મૂલવવા

(3) મતદાનને અસર કરતાં પરિબળો જાણવા

**આ સર્વે સેપ્ટેમ્બર 2018 થી ડિસેમ્બર 2018 સુધીમાં કરવામાં આવ્યો. તેના પહેલા 2016 પણ એક વચ ગાળાનો સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. અને આવીજ રીતનો સર્વે 2014 માં પણ હાથ ધરાયો હતો.**

**ગુજરાતની વાત કરીએ તો તમામ 26 સાંસદ ક્ષેત્રોને આ સર્વેમાં આવરી લેવાયા હતા અને 13 હજાર ઉપરાંત મતદારોએ સર્વેમાં ભાગ લીધો હતો**. ગુજરાતનાં મતદારોએ તેમને સ્પર્શતા 10 અગત્યના મુદ્દાઓપર રેટિંગ આપ્યું હતું. તેનું વિશ્લેષણ આ અહેવાલમાં આપ્યું છે. ગુજરાતની જનતાએ આપેલ અગત્યાનુક્રમમાં તેમના મતે સરકારની કામગીરી કેવી રહી તે અંગે પણ મતદારોએ 1 થી 5 રેટિંગ કર્યું છે.

આ પ્રકારનો લોકોના મંતવ્યનું વિશ્લેષણ કરવા પાછળનો હેતુ આ છે, કે લોકોના સમજમાં પ્રશ્નોની અગત્યતા શું છે, તેનો સરકારને ખ્યાલ આવે. વધુમાં સરકારે મતદારોના અગત્યના પ્રશ્નમાં શું કર્યું, કેટલું કર્યું તેની તેમના દૃષ્ટિકોણથી મુલવણી થાય, જે ખૂબ અગત્યની બને. મોટાભાગે વિચારધારા અને નિષ્ણાતોના મંતવ્યો ઘણી ડિબેટ, ચર્ચા થાય છે. પણ આ સર્વે સીધી તળિયેથી મતદારોની વાત લઈને આવે છે. આ વાત સાચી છે, કે મતદારોની પ્રાથમિક્તા બદલાઇ શકે છે. એટ્લે આવા સર્વે વખતો વખત કરવા પડે.

## રિસર્ચની ડિઝાઇન:

18 વર્ષથી ઉપરના શહેરી, ગ્રામીણ, જુદા જુદા ધર્મ, જ્ઞાતી, લિંગ, આવક જુથ, વગેરેનું પ્રતિનિધિત્વ આવે તેવી રીતે સેમ્પલ લેવામાં આવ્યા હતા. સેમ્પલ આખા સમાજનું પ્રતિનિધિત્વ કરે તેવું હોય તેનો ખાસ ખ્યાલ રાખવામા આવ્યો હતો. અને તેમાં જે તે જુથ માં રેંડમ મેથડથી કરવામાં આવ્યો છે. તેથી સર્વેની ચોકસાઈ 95% છે.


## મુખ્ય નિષ્કર્ષ તારણો :-


- ગુજરાત સર્વે 2018 દર્શાવે છે, કે 42.68% મતદારોમાટે રોજગારીની તકો એ મહત્વનો મુદ્દો છે, જ્યારે 37.12% મતદારોએ પીવાના પાણીને પ્રાથમિક્તા આપી છે, અને 30.23% મતદારોએ સારા હોસ્પિટલો

અને આરોગ્યની સારી સુવિધા તેમના માટે અગત્યની છે તેમ કહ્યું છે.


- આ ત્રણેય મહત્વના મુદ્દાઓપર સરકારે જે કામગીરી કરી છે, તે મતદારોના માટે 2.33 રોજગારીના મુદ્દે 5 માથી 2.33, પીવાના પાણીના મુદ્દે 2.6 અને આરોગ્યના મુદ્દે 2.62 જે મધ્યમ રહી છે તેવું દર્શાવે છે.
- ગ્રામ્ય ગુજરાતના 46% મતદારોએ ખેતી માટે પાણીની ઉપલબ્ધતા તેમના માટે સૌથી અગત્યનો મુદ્દો છે તેમ કહ્યું છે. જ્યારે ત્યારબાદ ખેતીમાટે ધિરાણ અને બિયારણ અને ખાતરપરની સબસિડી આ મુદ્દાઓ 45% અને 44% બીજા અને ત્રીજા ક્રમે રહ્યા છે.
- આ મુદ્દાઓ પર સરકારે 5 માથી માર્ક આપવા હોય તો 2.43, 2.37, અને 2.15 જેટલી કામગીરી કરી તેવો મતદારોનો મત છે. જે ફરીથી સારી કામગીરી તરીકે ન ગણી શકીએ.
- રોજગારીના તકોના પ્રશ્ન પર તો ગ્રામ્ય વિસ્તારમાં સરકારનું રેટિંગ નબળું આવે છે. જે 2.35 છે. એવિજ રીતે ખેતપૈદાશો ને સારા ભાવ આપવામાં સરકારની કામગીરી 2.39 માર્ક થી મધ્યમથી પણ નબળી રહી.
- શહેરી વિસ્તારના મતદારોને ટ્રેફિકની સમસ્યા (49%) અને આવાજ નું પ્રદૂષણ (47%), અને રોજગારીની તકો (45%) આ મુદ્દાઓ અગત્યના લાગ્યા છે. ફરી એકવાર સરકારની કામગીરી તેમાં મધ્યમથી નીચી રહી. ટ્રેફિક ના મુદ્દે સરકારને 2.23 માર્ક, ધ્વનિ પ્રદૂષણ 2.2 અને રોજગારીની તકો ને 2.31 માર્ક મળ્યા
- વધુમાં આરોગ્યની સુવિધાઓ પૂરી પાડવામાં સરકારની કામગીરીને 2.27 અને પીવાના પાણીના મુદ્દે 2.31 માર્ક મળ્યા છે.


**Top 3 Voters' Priorities and the Performance of Government in Gujarat – Overall and Rural & Urban**






# I. Rural Voters' Priorities and the Performance of Government in Gujarat







Graph 4: Performance of Government on Rural Voters' Priorities in Gujarat


ગ્રામ્ય વિસ્તારના મહત્વના મુદ્દાઓમાં નદીઓમાં પ્રદૂષણ, રેતનું ખનન અન્ય માઇનિંગ વગેરે બાબત આવે છે.

## II. Urban Voters' Priorities and the Performance of Government in Gujarat




Graph 5: Urban Voters' Priorities in Gujarat

**નોંધ: રિજર્વેશન ના મુદ્દાને 10 નંબરમાં પ્રાથમિક્તા મળી છે. ઘરવપરાશ માટે વીજળીનો પ્રશ્ન પણ લોકો માટે અગત્યનો છે.**




Graph 6: Performance of the Government on Urban Voters' Priorities in Gujarat

## મતદાનને કયા મુદ્દાઓ અસર કરે છે?

આ સર્વેમાં સૌથી વધુ અગત્યની બાબત આ છે કે તેમાં મતદાન ને કયા મુદ્દાઓ અસર કરે છે તે અંગે પણ વિશ્લેષણ કરાયું છે.

- મતદાનને અસર કરતાં પરિબળો
- ગુનાઇત ઇતિહાસ ધરાવતા ઉમેદવાર ચૂંટણી લડે તે અંગે
- ચૂંટણીની અંદર પૈસો અને બાહુબળના વપરાશ અંગે વિશે

મતદારોને પૂછવામાં આવ્યું હતું કે:-

- તમે શું કામ કોઈ ઉમેદવારને મત આપે છે?
- તમારો મત કોને આપવો તે નિર્ણય લેતી વખતે કોનો મત /વિચાર તમારા માટે અગત્યનો બને છે?
- શું કોઈ ગુનેગારો વિધાનસભા કે લોકસભામાં હોવા જોઈએ?
- ગુનાઇત ઇતિહાસ ધરાવનારાઓને મતદારો વોટ કેમ આપે છે? તેવા પ્રશ્નો પૂછ્યા હતા.
- શું તમને ખબર છે કે મતદારોને પૈસા, ગિફ્ટ આપવી ગેરકાયદેસર છે?
- છેલ્લી ચૂંટણી દરમ્યાન પૈસા અને ગિફ્ટ અપાયા હતા કે કેમ, તેનો ખ્યાલ છે?
- શું તમને ખબર છે, ઉમેદવારોના ગુનાઇત ઇતિહાસની વિગતો ક્યાંથી મળે?


મહત્વના અવલોકનો :-

ગુજરાત 2018 સર્વે ના રિપોર્ટ અનુસાર મુખ્ય મંત્રીના ઉમેદવાર જોઈને મત આપવાનું નક્કી કરીએ તેમ કહ્યું.


| | મહત્વના | ખુબજ મહત્વના |
|---|---|---|
| **CM** ઉમેદવાર | **42%** | **39%** |
| પાર્ટી | **53%** | **25%** |
| ઉમેદવાર પોતે | **54%** | **14%** |

- ગુજરાતનાં 20% મતદારોને લાગે છે કે દારૂ, પૈસા અને ગિફ્ટ આ પરીબળો મતદાન ન અસર કરે છે. 83% મતદારોએ કહ્યું કે મત કોને આપવો તે નક્કી કરવામાં તેમનું પોતાનું  મંતવ્ય મહત્વનુ છે, જ્યારે 7% કહ્યું કે પરિવારનો નિર્ણય મહત્વનો હોય છે, અને 5% કહ્યું કે નિર્ણય લેવામાં તેમના પતિ/પત્ની નો મત અગત્યનો બને છે.
- 64% મતદારોને ખ્યાલ છે, કે પૈસા, ગિફ્ટ, આપવી તે ગેરકાયદેસર છે. અને 35% મતદારોએ કહ્યું કે હાં તેમણે ખ્યાલ છે કે ગત ચૂંટણી દરમ્યાન આવી ગેરરીતિ થતી હતી.
- જ્યારે 98% માદારોને કહ્યું કે ગુનાઈત ઇતિહાસ ધરાવતા નેતાનો વિધાનસભા કે સાંસદમાં ના જોઈએ, પણ 42% લોકોને જ ખબર હતી કે તેઓને ઉમેદવારના ગુનાઓ અંગેની માહિતી મળી શકે છે.
- 38% મતદારોએ કહ્યું કે ગુનાઇત ઇતિહાસ વાળા ઉમેદવારો સારા કામ કરેલા હોય છે એટ્લે તેઓ ચૂંટાઈને આવે છે.
- 37% મતદારોએ કહ્યું કે તેઓ ખૂબ પૈસા ખર્ચે છે, માટે જીતીને આવે છે.
- ધર્મ, જ્ઞાતી આ પરિબળો પર ગુનાઇત ઇતિહાસ ધરાવતા ઉમેદવારો ચૂંટાય છે ટેઉ 36% મતદારોને લાગે છે.


  36% મતદારોએ ખાયુ કે ગુનાઓ ખૂબ ગંભીર નથી હોતા માટે લોકો તેમણે વોટ આપે છે, જ્યારે 36% જેટલા મતદારો કહે છે કે લોકોને ખબર જ હોતી નથી અને 34% કહે છે, કે ઉમેદવાર શક્તિશાળી હોય છે એટ્લે જીતે છે. \





Graph 7: Factors Influencing Voting Behaviour




Graph 8: In an election, whose opinion mattered the most while deciding which candidate to vote





Graph 9: Voter Awareness regarding the Role of Crime and Money in Elections




Graph 10: Voters' Opinion regarding Criminal Candidates Contesting in Elections

## મતદારો વિશે :-

- 61% મતદારો ગ્રામ્ય વિસ્તારોમાથી હતા અને 39% શહરી હતા. . 6% પુરુષ અને 34% મહિલાઓ. 73 % સામાન્ય વર્ગ ના, 16% ST અને 6% SC, અને 5% OBC હતા.
- વ્યવસાયની દૃષ્ટિએ ખેડૂતો, મજૂરો, વિદ્યાર્થીઓએ, ગૃહિણી, ખાનગી નોકરી કરતાં, સરકારી કર્મચારી, કોટ્રેકટરો, સ્વરોજગાર પ્રાપ્ત, આઈ ટી ક્ષેત્રના , અને બેરોજગાર હતા. 21% લોકો અશિક્ષિત અને 28% પ્રાથમિક શિક્ષણ મેળવેલ હતા.




Graph 11: Voters' Demographic Details

## તારણો: -

- મતદારોની પ્રાથમિકતા મુદ્દાઓ પ્રત્યે સરકારે દુર્લક્ષ સેવ્યું છે, કારણ મતદારોના માટે અગત્યના મુદ્દાઓએ પર સરકારની કામગીરી મધ્યમથી પણ નબળી રહી છે. જે સરકાર અને પ્રતિનિધિઓએ પર કેળત સવાલ ઉઠાવે છે.

- આ સર્વે સવાલ ઉઠાવે છે કે શું સરકારના માળખાગત સિવિધાઓ, આર્થિક/ સામાજિક વિકાસ બાબતના મહત્વના નિર્ણય સામાજિક કલ્યાણ ના ભોગે સમાજના કેટલાક વર્ગ માટે કરવામાં આવે છે?
- મતદારોના પ્રાથમિક્તાના આધારે બજેટની ફાળવણી થાય છે?
- ચૂંટણી ઢંઢેરામાં આપેલ વચનો માટે પક્ષોને કેવી રીતે જવાબદેહી કેવી રીતે બનાવવા/ઠેરવવા?
- લોકોના પ્રાથમિક્તાના મુદ્દાઓને ખરેખર પ્રાથમિક્તા આપવા માટે શું કરવું જોઈએ?
- નેતાઓ ચૂંટાઈને આવ્યા બાદ લોકોના પ્રાથમિક્તાના મુદ્દાઓ લઈ શકે છે ખરા? તેમની પ્રાથમિક્તા પક્ષ નક્કી કરે છે તો તેઓ આપણાં પ્રત્યે કેટલા જવાબદેહી?

રાજીકીય પ્રતિનિધિત્વ એટ્લે મતદારોના પ્રશ્નોનું રાજકારણ અને શાસન/વહીવટ માં પ્રતિનિધિત્વ લાવવું. મતદારો તરફથી જે રેંકિંગ કે માર્ક મળ્યા છે તે વાસ્તવિક્તા દર્શાવે છે. અને નેતાઓએ મતદારો કેવી રીતે જુએ છે તે દર્શાવે છે. અહીં આ સ્પષ્ટતા કરવું જરૂરી છે, કે **આ સર્વે કોઈ સરકાર કે પક્ષને સારું કહેવા કે વખોડવા માટે નથી. પણ એક પદ્ધતિસર વ્યવસ્થિત અભિગમથી મતદારોની પ્રાથમિક્તા, અવલોકનને લોકો સમક્ષ મૂકવાનો પ્રયાસ છે.**

## DISCLAIMER

This survey was conducted to ascertain the most pressing governance issues that voters of India perceive to be affecting their daily lives and also to investigate whether the voters are happy with their respective governments with regard to the addressing of those issues.

The survey was conducted using sound scientific techniques and the consequent findings and reports were prepared using recognized data analysis techniques. The inferences drawn in this report are based on the responses provided by the Indian voters.

This survey is a systematic and scientific attempt to study the gap between governance-demands of the voters of India and the delivery of the respective governments as perceived by the Indian voters. This survey is in no way an attempt to appreciate or denigrate any government(s) or political party or individual or any other organization or institution.
Every effort has been made by ADR to ensure the accuracy and reliability of the data contained in this report.
Anyone using or quoting from this report should acknowledge the source as ‘Gujarat Survey Report - 2018’.

## To Get Information About Candidates/Parties/MPs/MLAs/ Corporators/PILs in courts

National Election Watch

Give us missed call on: **08010445555**

Toll Free Helpline No: **1800-110-440**

Journalist Helpline no: **8010394248**

Subscribe to ADR on **WhatsApp** for updates: **7840067840**

Visit: **www.myneta.info**

Email: **adr@adrindia.org**

Send SMS: **Myneta <pincode or constituency> to 56070 or 9212356070**

To contact ADR State Partners, visit:
**https://adrindia.org/about-adr/state-coordinators**

## Social Media

/myneta.info /adrindia.org @adrspeaks /adrspeaks /adrspeaks

https://in.linkedin.com/company/association-of-democratic-reforms-adr-

## Our Websites

**www.adrindia.org**

Provides detailed analytical reports of Lok Sabha, State Assemblies, local body elections & financial reports of political parties & ongoing PILs in courts

**www.myneta.info**

Provides full information of criminal cases, asset, liability and education details declared by candidates in the self sworn affidavits

## Android Apps

**Myneta:** The criminal, financial, educational & other background information self declared by candidates in their affidavits during elections is now available on your mobile phones.

**Election Watch Reporter:** This app provides a tool to the citizens to capture violations of election related laws & the code of conduct.
**Both the applications are available on Google Play Store.**